# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી શરૂ થતી જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન એક હજાર 500 કરોડ રૂપિયાના 84 વિકાસકામોનું ખાતમૂહુર્ત અને ઉદઘાટન કરશે.
- ✓ કેન્દ્ર સરકાર દરેક રાજયમાં રાષ્ટ્રીય અન્ન ટેકનોલોજી, ઉદ્યોગ સાહસિકતા અને વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવાની નેમ સાથે આ દિશામાં પગલાં લઇ રહી છે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા કોલસા ઘટકોના હરાજીના 10મા તબક્કાનો શુક્રવાર 21મી જૂનથી આરંભ થશે.
- ✓ સિક્કિમના મંગન જીલ્લામાં વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના પગલે અટવાયેલા તેરસો પ્રવાસીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.
- ✓ આઇસીસી 20 ઓવરોની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધામાં પુરૂષોની સુપર એઇટ શ્રેણીની મેચોનો આજથી આરંભ થશે.

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM - J&K VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી શરૂ થતી જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન એક હજાર 500 કરોડ રૂપિયાના 84 વિકાસકામોનું ખાતમૂહુર્ત અને ઉદઘાટન કરશે. તેઓ આવતીકાલે શ્રીનગરમાં યોજાનાર જમ્મુ અને કાશ્મીરમાં પરિવર્તન લાવવા યુવાનોને અધિકાર સંપન્ન બનાવવા અંગેની ઇવેન્ટમાં જોડાશે.

આ પ્રસંગે તેઓ સરકારી સેવામાં નિયુક્તિ પામેલા બે હજારથી વધુ યુવાનોને નિમણુંકપત્રો એનાયત કરશે. પ્રધાનમંત્રી 1 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચના કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક સુધારા કાર્યક્રમનો આરંભ કરાવશે.

એકવીસમી જૂને શ્રીનગરમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાશે અને ઉપસ્થિતોને સંબોધન કરશે.

## PM- SICKLE CELL

કેન્દ્ર સરકાર સિકલ સેલ રોગને લગતા પડકારોને પહોંચી વળવા ટેકનોલોજીની ક્ષમતાનો ઉપયોગ કરી રહી છે. વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે સોશિયલ મિડિયા પર પ્રધાનમંત્રીએ આ રોગના પડકારોને પહોંચી વળવાની સરકારની કટિબદ્ધતા દોહરાવી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે ગયા વર્ષે રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નિવારણ મિશન શરૂ કર્યું છે. જેમાં આ રોગ અંગે લોકજાગૃતિ કેળવવી, સાર્વત્રિક સ્ક્રિનિંગ અને યોગ્ય સારવારનો સમાવેશ થાય છે.

દરમ્યાન, કેન્દ્રિય આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાએ જણાવ્યુ છે કે, કેન્દ્ર સરકારે આ રોગની પ્રથમ કક્ષામાં જ ઓળખ મેળવવી અને રોગથી પીડીતોને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

## REV.-PAWAN--FOOD-PROCESSING

કેન્દ્ર સરકાર દરેક રાજયમાં રાષ્ટ્રીય અન્ન ટેકનોલોજી, ઉદ્યોગ સાહસિકતા અને વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવાની નેમ સાથે આ દિશામાં પગલાં

લઇ રહી છે. કેન્દ્રિય અન્ન સંસ્કરણ ઉદ્યોગમંત્રી ચિરાગ પાસવાને આજે દિલ્હીમાં પત્રકારોને આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આ ક્ષેત્ર વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવામાં અને ખેડૂતોની આવક વધારવામાં મહત્વની ભુમિકા ભજવી શકે એમ છે. આ ક્ષેત્રનો વિકાસ થતાં દેશમાં રોજગારીની નવી તકો પણ ઉભી થશે. શ્રી પાસવાને જણાવ્યું કે, સ્થાનિક અન્ન ઉત્પાદનોને એ જ સ્થળે પ્રોસેસ કરી શકાય તેવી માળખાકીય સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. આમ થવાથી અન્નનો બગાડ અટકાવી શકાશે.

આ પ્રસંગે અન્નસંસ્કરણ રાજયમંત્રી રવનિત સિંહ બિટ્ટુએ જણાવ્યું કે, છેલ્લા 10 વર્ષમાં ભારતમાંથી સંસ્કરણ કરાયેલા અન્નની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે.

## NIRMALA BUDGET

કેન્દ્રિય નાણામંત્રી નિર્મળા સીતારમણના અધ્યક્ષપદે આજે દિલ્હીમાં યોજાયેલી ખાસ બેઠકમાં જાણીતા અર્થશાસ્ત્રીઓ સાથે દેશના સામાન્ય અંદાજપત્ર અગાઉની ચર્ચાવિચારણા કરવામાં આવી. આ બેઠકમાં કેન્દ્રિયનાણાં રાજયમંત્રી પંકજ ચૌધરી, નાણાં, મહેસૂલ, અને કોર્પોરેટ બાબતોના વિભાગ સચિવ અને મુખ્ય આર્થિક સલાહકાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## COAL-BLOCK

કેન્દ્ર સરકાર દ્વારા કોલસા ઘટકોના હરાજીના 10મા તબક્કાનો શુક્રવાર 21મી જૂનથી આરંભ થશે. કેન્દ્રિય કોલસા અને ખાણમંત્રી જી.કિશન રેડ્ડી હૈદરાબાદમાં કોલસા ઘટકોના હરાજીનો પ્રારંભ કરાવશે. કોલસામંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, વિવિધ રાજયો અને પ્રદેશોમાં આવેલા કોલસાઘટકોની હરાજીના લીધે સંબંધિત વિસ્તારોના આર્થિક વિકાસને અને રોજગારની તકો વધારવામાં મદદ મળશે.

આ કોલસાઘટકો બિહાર, છત્તીસગઢ સહિત આઠ રાજયોમાં આવેલા છે.

## SIKKIM-EVACUATION

સિક્કિમના મંગન જીલ્લામાં વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના પગલે અટવાયેલા પ્રવાસીઓ પૈકી આશરે તેરસો પ્રવાસીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

સંબંધિત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, હવામાન અનુકૂળ નહિં હોવાથી બચાવ કામગીરી ધીમી ગતિએ ત્રીજા દિવસે પણ હાથ ધરાઇ છે. હવામાનના લીધે બિમાર પડેલા લોકોને હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

## ICC-MENS-T20

આઇસીસી 20 ઓવરોની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધામાં પુરૂષોની સુપર એઇટ શ્રેણીની મેચોનો આજથી આરંભ થશે. સર વિવિયન રિચાર્ડ સ્ટેડિયમમાં ભારતીય સમય મુજબ આજે રાતના આઠ વાગ્યાથી રમાનારી પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકા અને યુએસએ વચ્ચે મુકાબલો થશે. આવતીકાલે બાર્બાડોસમાં રમાનારી મેચમાં ભારતીય ક્રિકેટ ટીમ અફઘાનિસ્તાન સામે રમશે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

## WOMENS-CRICKET--2ND-ODI

બેંગલૂરૂમાં રમાઇ રહેલી ભારત અને દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમો વચ્ચે રમાઇ રહેલી બીજી વન ડે ક્રિકેટમેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને વિજય માટે 326 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

ભારતે સ્મૃતિ મંધાનાના 136 અને હરમીનપ્રીત કૌરના 103 રનની મદદથી 50 ઓવરમાં 3 વિકેટે 325 રન નોંધાવ્યા હતા. સ્મૃતિ મંધાનાએ 120 બોલમાં બે છગ્ગા અને 18 ચોગ્ગાની મદદથી 136 રન જયારે હરમનપ્રીત કૌરે 3 છગ્ગા અને 9 ચોગ્ગાની મદદથી 103 રન કર્યા હતા.

દક્ષિણ આફ્રિકા વતી મલાબાએ 2 અને કલાસે 1 વિકેટ ઝડપી હતી. અગાઉ દક્ષિણ આફ્રિકાના સૂકાની લોરાએ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

## KEJRIWAL---CUSTODY

દિલ્હીની અદાલતે એકસાઇઝ નીતીને લગતા મની લોન્ડરીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને વિનોદ ચૌહાણની ન્યાયિક અટકાયતની મુદત ત્રીજી જુલાઇ સુધી વધારી છે. ન્યાયિક અટકાયતની વર્તમાન મુદત પૂરી થયા પછી બંને આરોપીઓને વીડીયો કોન્ફરન્સિંગ માધ્યમથી અદાલતમાં રજૂ કરાયા હતા.

ઉલ્લેખનીય છે કે, એન્ફોર્સમેન્ટ વિભાગે ગત 21મી માર્ચે અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી છે. એન્ફોર્સમેન્ટ વિભાગે અત્યાર સુધીમાં કુલ 38 આરોપીઓની ધરપકડ કરી છે.

## BANGLADESH - LANDSLIDES

બાંગ્લાદેશના કોકસ બજાર ખાતે આવેલા રોહિંગ્યાના શિબિરોના સ્થળોએ ભારે વરસાદના પગલે ભેખડો ધસી પડતાં નવ વ્યક્તિઓના મોત નિપજ્યાં છે. સત્તાવાળાઓએ સંબંધિત સ્થળેથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, રોહિંગ્યા શરણાર્થીઓના 33 શિબિરો ધરાવતા વિસ્તારોમાં ગઇકાલથી ભારે વરસાદ થઇ રહ્યો છે.

## NATO---INDO-PACIFIC-COOPERATION

નાટોના સચિવ જેન્સ સ્ટોલટનબર્ગે જણાવ્યું છે કે, પશ્ચિમી દેશોના નાટો સંગઠન અને હિંદ પ્રશાંત વિસ્તારના સભ્ય દેશો વચ્ચે સહકાર વધારવાની તાતી જરૂર છે. અમેરિકાના વિદેશમંત્રી એન્ટોની બ્લીંન્કન સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતાં નાટોના સચિવે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિનની ઉત્તર કોરિયાની મુલાકાતથી એ સ્પષ્ટ થયું છે કે, રશિયા ઉત્તરકોરિયા ઉપરાંત ચીન અને ઇરાન સાથે પણ સંપર્કમાં છે. ઉલ્લેખનીય છે કે, શ્રી પુતિન ઉત્તરકોરિયાની મુલાકાતે પહોંચતા ઉત્તરકોરિયાના વડા કિમ જોંગ ઉને તેમને આવકાર્યા હતા. આ બંને આગેવાનોએ ઉત્તરકોરિયાથી શસ્ત્રોની નિકાસ બાબતે પણ ચર્ચા કરી હોવાનું જાણવા મળે છે.

## KARNATAKA-MoS VISIT

કેન્દ્રીય પેટ્રોલિયમ રાજયમંત્રી સુરેશ ગોપીએ ઇસરોના અધ્યક્ષ એસ.સોમનાથ સાથે બેંગલૂરૂમાં સંભવિત પૂરની પરિસ્થિતિનું વિશ્લેષણ અવકાશ ટેકનોલોજીની મદદથી કરવા અંગે ચર્ચાવિચારણા કરી છે. બંને અગ્રણીઓએ આ ચર્ચા દરમિયાન કેરળના મુલ્લપેરિયાર અને ઇડુક્કી બંધના વિસ્તારમાં સંભવિત પૂરની પરિસ્થિતિના વિશ્લેષણનો મુદ્દો કેન્દ્રમાં રાખ્યો હતો. ઇસરોના અધ્યક્ષે પૂરની સંભવિત પરિસ્થિતિમાં લોકોના બચાવ અને પુનઃવસનની કામગીરી હાથ ધરવા જરૂરી માહીતી ઉપગ્રહ મારફતે પૂરી પાડવી તેમજ સંબંધિત વિસ્તારમાં ઉપગ્રહોની મદદથી સંદેશાવ્યવહાર જાળવી રાખવા જરૂરી આયોજન પૂરૂં પાડવાની ઇસરોવતી ખાતરી આપી છે. શ્રી સોમનાથે આપત્તિવ્યવસ્થાપનમાં અવકાશ ટેકનોલોજીની ભૂમિકા અંગે શ્રી સુરેશ ગોપીને માહીતી આપી હતી.

## 18 th film festival

મુંબઈમાં 18મો MIFF એટલે કે, મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. આ વર્ષે તેમાં 59 દેશોની 61 ભાષાઓમાં કુલ 314 ફિલ્મોનો સમાવેશ કરાયો છે.